# સુરત મહાનગરપાલિકા

## હાઈડ્રોલિક વિભાગ

## <u>નોટીસ/ કવોટેશન</u>

**વિષયઃ– સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ હસ્તક કતારગામ જી.આઈ.ડી.સી. ખાતેના જળ વિતરણ મથકની બાજુમાં ખુલ્લી જગ્યામાં આવેલ સ્ટોર ખાતે ઉપલબ્ધ જુદી જુદી સાઈઝના સી.આઈ./ ડી.આઈ. સ્પેશ્યલ્સ તથા જુદા–જુદા પ્રકારના/ સાઈઝના વાલ્વ વહન કરી નાના વરાછા હાઈડ્રોલિક સ્ટોર ખાતે શીફટ કરી સાઈઝવાર ગોઠવણી કરવાનું કામ.**

સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ હસ્તક કતારગામ જી.આઈ.ડી.સી. ખાતેના જળ વિતરણ મથકની બાજુમાં ખુલ્લી જગ્યામાં આવેલ સ્ટોર ખાતે ઉપલબ્ધ જુદી જુદી સાઈઝના સી.આઈ./ ડી.આઈ. સ્પેશ્યલ્સ તથા જુદા–જુદા પ્રકારના/ સાઈઝના વાલ્વ વહન કરી નાના વરાછા હાઈડ્રોલિક સ્ટોર ખાતે શીફટ કરી સાઈઝવાર ગોઠવણી કરવાના કામે આ પ્રકારના જાણકાર અને અનુભવી ઈજારદાર રસ ધરાવતા હોય તો તેઓએ આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી **તા.૦૯/૦૫/૨૦૨૫**ના સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં The Chief Accountant, Accounts Department, Surat Municipal Corporation, Muglisara, Surat – 395003 ખાતે સીલબંધ કવરમાં ભાવપત્રક સ્પીડ પોસ્ટથી પહોંચાડવાના રહેશે. જે–તે ઈજારદાર ધ્વારા સીલબંધ કવર ઉપર કામનું નામ, ભાવપત્રકનો પત્ર નંબર, કંપનીનું નામ તથા સરનામુ દર્શાવવાનું રહેશે. વધુમાં, મુદત વિત્યા બાદ કોઈ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહી. ઉકત કામગીરી અન્વયેની શરતો નીચે મુજબ છે.

## <u>શરતો</u> ( સામાન્ય માહિતી ):–

(૧) આ કામે ઈજારદારે મે.ટન દીઠ (પોતાના માણસો તથા સાધનો દ્વારા પોતાના વાહનોમાં ચઢાવી, વહન કરી સુરત મ્યુનિ.સ્ટોર્સ, નાના વરાછા સ્ટોર ખાતે ઉતારીને વ્યવસ્થિત ગોઠવવા અને તમામ પ્રકારના ટેક્ષ સહિતના) ભાવો આપવાના રહેશે, જેની વેલીડીટી ભાવપત્રક ખોલ્યાની તારીખથી ૧૨૦ દિવસની રહેશે. સદર સમયગાળા દરમ્યાન ઈજારદાર ધ્વારા તેઓનું ભાવપત્રક પરત ખેંચવાની તથા તેમાં ફેરફાર કરી શકશે નહીં. વધુમાં ભરેલ ભાવમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(૨) કતારગામ જી.આઈ.ડી.સી. ખાતેના જળ વિતરણ મથકની બાજુમાં ખુલ્લી જગ્યામાં આવેલ સ્ટોર ખાતે ઉપલબ્ધ તમામ પ્રકારના જુદી–જુદી સાઈઝના સી.આઈ./ ડી.આઈ. સ્પેશ્યલ્સ તથા જુદા–જુદા પ્રકારના/ સાઈઝના વાલ્વ નાના વરાછા (હાઈડ્રોલિક) સ્ટોર ખાતે અનલોડ કરી કેટેગરી વાઈઝ અને સાઈઝવાર સાઈટ ઈન્ચાર્જ / સબંધિત કર્મચારીની સુચના મુજબ વ્યવસ્થિત રીતે ગોઠવણી કરવાની રહેશે. સદર કામગીરી દરમ્યાન સ્પેશ્યલ્સ તથા વાલ્વને ક્રેઈનની મદદથી લોડીંગ, અનલોડીંગ કરવાનો રહેશે. કોઈપણ પ્રકારના સ્પેશ્યલ્સ તથા વાલ્વ કોઈપણ સંજોગોમાં ફેંકવામાં કે પછાડવા દેવામાં આવશે નહિ.

(૩) મુદ્દા નં (૨) માં જણાવ્યા મુજબની કામગીરી દરમ્યાન સ્પેશ્યલ્સ તથા વાલ્વને લોડીંગ કરવાના કે સ્ટેકીંગ કરવાના સ્થળે જરૂર જણાયે એપ્રોચ રોડ તૈયાર કરવો, નડતરરૂપ ઝાડી–ઝાંખરા, પ્લાન્ટેશન, માટી–ડેબ્રીશ કે કચરાના ઢગલા વિગેરે સાફ સફાઈ કરી દુર કરવાની, અન્ય વસ્તુની નીચે દબાયેલા હોય તેવા સ્પેશ્યલ્સ તથા વાલ્વ બહાર કાઢી સાફ સફાઈ કરી ઉચકવાના વિગેરે તમામ કામગીરી ઈજારદારે કરવાની રહેશે.

(૪) તમામ પ્રકારના જુદી–જુદી સાઈઝના સી.આઈ./ ડી.આઈ. સ્પેશ્યલ્સ તથા જુદા–જુદા પ્રકારના/ સાઈઝના વાલ્વ લોડીંગ, અનલોડીંગ, વહન અને ગોઠવણીને લગતી કામગીરી માટે જરૂરી મજુરો, વાહનો, ક્રેઈન કે અન્ય સાધનોની વ્યવસ્થા ઈજારદારે કરવાની રહેશે. જે અંગે સુરત મહાનગરપાલિકા પાસે કોઈ માંગણી કરવાની નથી, કે તે અંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈપણ ચાર્જ અલગથી આપવામાં આવશે નહી.

(૫) ઈજારદારે કતારગામ સ્ટોર ખાતેથી જે–તે સ્પેશ્યલ્સ તથા વાલ્વ જવાબદાર કર્મચારીની હાજરીમાં ગણતરી કરાવી લોડીંગ કરવાના રહેશે અને નિયત કરેલ લોકેશન પર ગણતરી કરાવી અનલોડ કરી સ્ટેકીંગ કરવાના રહેશે.

(૬) ઈજારદારે ભાવ ભરતાં પહેલા હાઈડ્રોલિક વિભાગના કતારગામ જી.આઈ.ડી.સી. ખાતે આવેલ જળ વિતરણ મથક ખાતેના સ્ટોર પર રાખવામાં આવેલ તમામ પ્રકારના જુદી–જુદી સાઈઝના સી.આઈ./ ડી.આઈ. સ્પેશ્યલ્સ તથા જુદા–જુદા પ્રકારના/ સાઈઝના વાલ્વનું તથા સ્ટેકીંગ કરવાના સ્થળનું નિરીક્ષણ કરી ભાવ આપવાના રહેશે. ત્યારબાદ કોઈ ફરીયાદ માન્ય રાખવામાં આવશે નહી. આ કામ અંગે જરૂરી માહિતી જુની.એન્જીનીયર, (વરાછા સ્ટોર), હાઈડ્રોલિક વિભાગ (મો. નં. – ૯૦૯૯૯ ૩૯૭૬૩) પાસેથી કામકાજના દિવસ દરમ્યાન મળી શકશે.

(૭) દરેક માલ ભરેલ ગાડીનું હાઈડ્રોલિક ઈજનેરશ્રીએ અધિકૃત કરેલા અધિકારી/ કર્મચારીની હાજરીમાં વજન કાંટા ઉપર વજન કરાવવાનું રહેશે. ખરેખર જેટલું વજન થાય તેટલા વજનનું પેમેન્ટ કરવાનું રહેશે. ખાલી અને ભરેલી ગાડીના વજનો કરાવવાની જવાબદારી ઈજારદારની રહેશે તથા વજનના પત્રક પર ઈજારદાર કે તેમના અધિકૃત પ્રતિનિધિ તેમજ સ્ટોર ઈનચાર્જની સહી સહિતની પૂર્તતા કરી વજન કરવામાં આવેલ પાઈપોની રસીદો, સ્ટોર ઈનચાર્જ પાસે જમા કરાવવાની રહેશે. મૂળ રસીદો મહાનગરપાલિકા પાસે રહેશે.

(૮) આ કામગીરી માટે ઈજારદારે તમામ પ્રકારના સલામતીના પગલાં લેવાના રહેશે. તમામ પ્રકારના સ્પેશ્યલ્સ તથા વાલ્વના લોડીંગ, અનલોડીંગ, ગોઠવણી કે વહન દરમ્યાન, કોઈ અકસ્માત, નુકશાની કે જાનહાનિ થશે તો તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે.

(૯) લોડીંગ, અનલોડીંગ, ગોઠવણી કે વહન દરમ્યાન, સ્પેશ્યલ્સ તથા વાલ્વ / સુરત મહાનગરપાલિકાની મિલકતને કોઈ પણ પ્રકારનું નુકશાન ન થાય તેની સંપૂર્ણ કાળજી લેવાની જવાબદારી ઈજારદારની રહેશે, જો કોઈ પણ પ્રકારનું નુકશાન ધ્યાને આવશે તો એન્જીનીયર ઈન્ચાર્જની સુચના મુજબની નુકશાનની ભરપાઈ ઈજારદારપાસેથી વસુલવામાં આવશે.

(૧૦) આ કામે જરૂરી વીમો ઉતારવાની, લાગુ પડતા રોડ ટેક્ષ સહિત અન્ય ટેક્ષ ભરપાઈ કરવાની, આર.ટી.ઓ., પોલીસ ખાતા વિગેરે સંસ્થાઓ કે અન્ય જરૂરી સક્ષમ સત્તાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવવાની તમામ જવાબદારી ઈજારદારને શીર પર રહેશે. અત્રેથી સબંધિત વિભાગને જાણ કરવાજોગ પત્ર જરૂર જણાયે આપવામાં આવશે. કોઈપણ સરકારી, કર, ફી કે અન્ય ખર્ચ ભરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહી.

(૧૧) ભાવપત્રક સાથે બાનાની રકમ પેટે રૂા. ૨,૦૦૦/– પે ઓર્ડર/ ડી.ડી. કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામે જમા કરાવવાનાં રહેશે, તે સિવાયનું ઈજારદારનું ભાવપત્રક રદ થવાને પાત્ર રહેશે, જેની સ્પષ્ટ નોંધ લેશો.

(૧૨) સફળ ઈજારદારે ઓર્ડર મળ્યેથી દિન–૧૫(પંદર)માં ટેન્ડર રકમના ૫% (પાંચ) ટકા લેખે રોકડા અથવા ડીમાન્ડ ડ્રાફટ સીકયોરીટી ડીપોઝીટ પેટે જમા કરાવવાની રહેશે. સિકયોરીટી ડીપોઝીટની રકમ કામગીરી પૂર્ણ થયા બાદ, હિસાબો ઓડીટ થયેથી વસૂલ લેવા જોગ રકમ કપાત કરીને પરત કરવાની રહેશે. જો કોઈ કારણોસર ઈજારદાર કામ પૂર્ણ ન કરે / અધુરુ છોડી જતો રહે તો તેવા સંજોગોમાં ઈજારદારની સીકયોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે, જેની સ્પષ્ટ નોંધ લેશો.

(૧૩) વર્કઓર્ડર ઈસ્યુ થયા બાદ કરારનામા માટે પ્રવર્તમાન નિયમ મુજબના જરૂરી કિંમતના ગુજરાત રાજયમાંથી ખરીદ કરેલ સ્ટેમ્પ પેપર અત્રે રજુ કરી દિન–૧૫ (પંદર)માં કરારનામું તથા અંડરટેકીંગ, સ્યોરીટીની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૪) આ કામે વર્કઓર્ડર મળ્યેથી દિન–૦૭(સાત)માં કામગીરી શરૂ કરવાની રહેશે. સદર કામની સમયમર્યાદા ૩૦ દિવસની (વર્કઓર્ડર આપ્યાના દિન–૦૭(સાત)બાદ)રહેશે. સમયમર્યાદા પુર્ણ થયા બાદ વિલંબીત સમય માટે કામની મંજુર ટેન્ડર રકમના પ્રતિ દિન ૦.૨ % લેખે અને મહતમ ૧૦% સુધી પેનલ્ટી વસુલ લેવામાં આવશે. સદર કામગીરી સવારે ૯:૦૦ કલાકથી સાંજે ૫:૦૦ કલાક સુધી કરવાની રહેશે.

(૧૫) ટ્રાન્સપોર્ટેશન/ કાર્ટીગનો પ્રત્યક્ષ અનુભવ ન હોય તેવા ઈજારદારોએ ટ્રાન્સપોર્ટેશન/ કાર્ટીગ એજન્ટનું કામ કરી આપવા બાબતનું લખાણ રજુ કરવાનું રહે છે.

(૧૬) ઈજારદારે અનુભવના પુરાવા, આર્થિક સધ્ધરતા (રૂા.૪૦,૦૦૦/– નું બેન્ક સોલવન્સી સર્ટીફીકેટ–ભાવપત્રક જમા કરતી વખતે સોલવન્સી સર્ટીફીકેટ ૦૧ (એક) વર્ષથી વધારે જુનુ ન હોવું જોઈએ), ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજ પુરાવા તરીકે ભાવપત્રક સાથે સામેલ કરવાનાં રહેશે.

(૧૭) સરકારનો કોઈપણ પ્રકારનો સર્વિસ ટેક્ષ કામગીરીના સમયમાં લાગુ પડે તો તે સુરત મહાનગરપાલિકા ભોગવશે. પરંતુ તે અંગેના અધિકૃત પુરાવા સફળ ઈજારદારે મહાનગરપાલિકામાં સર્વિસ ટેક્ષ ચુકવ્યાના દિન ૩૦(ત્રીસ) માં જમા કરાવવાના રહેશે. ત્યારબાદ સુરત મહાનગરપાલિકાની આવા પ્રકારનાં સર્વિસ ટેક્ષ ચુકવવા અંગે કોઈ પણ જવાબદારી રહેશે નહિ. એટલેકે દિન ૩૦(ત્રીસ) બાદ ઈજારદારે રજુ કરેલ અધિકૃત પુરાવાનું સુરત મહાનગરપાલિકા વળતર ચુકવશે નહિ, જે અંગે સ્પષ્ટ નોંધ લેવી. તે સિવાયના કોઈપણ લાગુ ટેક્ષ ઈજારદારના બીલમાંથી સુરત મહાનગરપાલિકા સરકારના નીતિ–નિયમ મુજબ કાપી શકાશે.

(૧૮) જે–તે ઈજારદાર ધ્વારા આ નોટીસ/ કવોટેશન સહી–સિકકા સાથે તેઓના ભાવપત્રક સાથે સીલબંધ કવરમાં જમા કરાવવાનું રહેશે.

(૧૯) સદર કામગીરી દરમ્યાન સ્થળ પર કામ કરતાં કામદારો / મજૂરોમાં બાળ મજૂરો કોઈપણ સંજોગોમાં કામે રોકવા નહીં. જો સદર કામમાં બાળ મજૂરો કામે રાખ્યા હશે / કામ કરતાં હશે તો તે અંગેની ઉપસ્થિત પરિસ્થિતિની તમામ જવાબદારી એકમાત્ર ઈજારદારની રહેશે.

(૨૧) ઈ.એસ.આઈ. તથા પ્રોવીડન્ટ ફંડના કાયદાઓ, કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબૂદી) અધિનિયમ–૧૯૭૦ અને કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબૂદી) ગુજરાત નિયમો, ૧૯૭૨ ની જોગવાઈઓ તથા નિયત કરારની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ કાયદા હેઠળ લેબર લાયસન્સ લેવું જરૂરી હોય લાયસન્સ મેળવ્યા સિવાય કામ ચાલુ કરવામાં આવે તો ઉપસ્થિત સર્વાંગી જવાબદારી ઈજારદારના શીરે રહેશે.

(૨૨) કોઈપણ પ્રકારનું શરતી ભાવપત્રક માન્ય રાખવામાં આવશે નહીં.

(૨૩) આ કામ અંગેના કોઈપણ તકરારી મુદ્દામાં મ્યુ.કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

**હાઈડ્રોલિક ઈજનેર**
**સુરત મહાનગરપાલિકા**

ન. ૨.:– સેકશન ઓફીસરશ્રી તથા ટેન્ડર કલાર્કશ્રી (હાઈડ્રોલિક) પ્રતિ..........

(૧) હાઈડ્રોલિક વિભાગ, અલથાણના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા તથા ઘટીત કાર્યવાહી અર્થે.